



# NRG TIMES

A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. મે ૩૧, ૨૦૨૧ • વૈશાખ વદ ૬, સંવત ૨૦૭૭



Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



Shri Vijay Rupani
Hon'ble Chief Minister
Gujarat State



Shri Nitin Patel
Hon'ble Deputy Chief Minister, Gujarat State



Shri Pradipsinh Jadeja
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



Shri Dhananjay Dwivedi(I/C), IAS
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



Shri V. K. Jadav
Director
GSNRGF


## સૌરાષ્ટ્રના વાવાઝોડા પ્રભાવિત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરી રૂ. ૧૦૦૦ કરોડ સહાય જાહેર કરતા વડાપ્રધાનશ્રી

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એરફોર્સના હેલિકોપ્ટરમાં સૌરાષ્ટ્રના અમરેલી, ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લાના તાઉ'તે વાવાઝોડાથી પ્રભાવિત અસરગ્રસ્ત વિસ્તારોનું એક કલાક સુધી હવાઈ નિરીક્ષણ કર્યું હતું. આ હવાઈ નિરીક્ષણમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી પણ સાથે રહ્યા હતા અને તેમણે વડાપ્રધાનશ્રીને રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલા બચાવ અને રાહત કાર્યોથી અવગત કર્યા હતા. ત્યારબાદ વડાપ્રધાનશ્રીએ અમદાવાદ આવી રાજ્યના વરિષ્ઠ સચિવો સાથે ઉચ્ચસ્તરીય બેઠકમાં સમગ્ર પરિસ્થિતિની ઉંડાણપૂર્વક સમીક્ષા કરી, સ્થિતિનું આકલન કર્યું સાથોસાથ કોરોના-કોવિડ સંક્રમણ નિયંત્રણ માટેના રાજ્ય સરકારના પગલાઓ અને ઉપાયોથી પણ અવગત થયા. તાઉ'તે વાવાઝોડાથી થયેલા નુકસાનમાં તત્કાલ ૧૦૦૦ કરોડ રૂપિયાની સહાય અને વાવાઝોડાથી મૃત્યુ પામેલા લોકોને રૂ. ૨ લાખ અને ઇજાગ્રસ્તોને રૂ. ૫૦,૦૦૦ની સહાય જાહેર કરીને



વડાપ્રધાનશ્રીએ ગુજરાત પ્રત્યેની પોતાની હમદર્દી, લાગણી અને આપ્તજનભાવ દર્શાવ્યા તે બદલ મુખ્યમંત્રીશ્રીએ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

(Source : https://cmogujarat.gov.in)

## ગુજરાત સતત બીજા વર્ષે વિદેશી રોકાણ આકર્ષવામાં દેશમાં પ્રથમ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ નેતૃત્વમાં ગુજરાત ઔદ્યોગિક રોકાણોમાં વર્ષ ૨૦૨૦-૨૧માં દેશના કુલ ફોરેન ડાયરેકટ ઇન્વેસ્ટમેન્ટ (FDI)માંથી ૩૭% FDI મેળવી સતત ચોથા વર્ષે દેશભરના રાજ્યોમાં ટોચ પર રહ્યું છે. કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતિમાં પણ સતત બીજા વર્ષે ગુજરાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના દિશાદર્શનમાં દેશભરમાં સૌથી વધુ એફ.ડી.આઇ. મેળવવાની આ સિદ્ધી પ્રાપ્ત કરી છે. આ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ગુજરાતમાં મોટાભાગનું વિદેશી રોકાણ કમ્પ્યુટર સોફ્ટવેર અને હાર્ડવેર ક્ષેત્રમાં ૯૪% ટકા જેટલું આવ્યું છે. આ ક્ષેત્રમાં દેશમાં આવેલા કુલ રોકાણમાં એકલા ગુજરાતનો હિસ્સો જ ૭૮% છે. આ ક્ષેત્રે આવેલા એફ.ડી.આઇ.માં ગુજરાત પછીના ક્રમે રહેલા રાજ્યોમાં કર્ણાટક માત્ર ૯ ટકા અને દિલ્હી પાંચ ટકા હિસ્સો ધરાવે છે. રાજ્ય સરકારની ઇન્ડસ્ટ્રી ફ્રેન્ડલી ટ્રાન્સપેરેન્ટ પોલીસી તથા વિવિધ ઇન્સેન્ટીવ્સના પરિણામે દેશવિદેશના ઉદ્યોગકારો માટે બેસ્ટ ચોઇસ ફોર ઇન્વેસ્ટમેન્ટ બન્યું છે. ભારતમાં ૨૦૧૯-૨૦ની તુલનાએ ૧૦% વધુ ૨૦૨૦-૨૧ દરમ્યાન અત્યાર સુધીનું સૌથી વધુ કુલ ૮૧.૭૨ બિલિયન અમેરિકી ડોલરનું એફડીઆઇ આવ્યું છે.

(Source : https://cmogujarat.gov.in)





**Contact Address**

Gujarat State Non-Resident Gujaratis' Foundation
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR PRIVATE CIRCULATION ONLY

# પ્રવાસી ભારતીયોએ ૨૦૨૦માં ૬.૧૦ લાખ કરોડ રૂપિયા પોતાના દેશમાં મોકલ્યા

વર્ષ ૨૦૨૦ દરમિયાન પ્રવાસી ભારતીયોએ ૮૩ બિલિયન ડોલર એટલે કે અંદાજે ૬.૧૦ લાખ કરોડ રૂપિયા (રેમિટેન્સ) પોતાના દેશમાં મોકલ્યા છે. વૈશ્વિક અર્થવ્યવસ્થાઓ કોરોનાથી પ્રભાવિત રહેવા છતાં ૨૦૧૯ની સરખામણીમાં તેમાં ૦.૨ ટકાનો સામાન્ય ઘટાડો જોવા મળ્યો છે. ૨૦૧૯માં ભારતને રેમિટેન્સના રૂપમાં ૮૩.૩ બિલિયન ડોલર એટલે કે અંદાજે ૬.૧૩ લાખ કરોડ રૂપિયાની રકમ મળી હતી. વર્લ્ડ બેન્કના તાજેતરના અહેવાલમાં આ જાણકારી આપવામાં આવી છે. ૨૦૨૦ના વર્ષ દરમિયાન રેમિટેન્સ પ્રાપ્ત કરવામાં ભારત પ્રથમ અને ચીન બીજા સ્થાન પર રહ્યા છે. યુએઇ તરફથી ભારતમાં આવનારી રેમિટેન્સમાં વર્ષ ૨૦૨૦માં ૧૭ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. બીજા દેશોમાં કામ કરનારા પ્રવાસી ભારતીયો તરફથી બેન્ક, પોસ્ટ ઓફિસ અથવા ઓનલાઇન ટ્રાન્સફર મારફતે પોતાના દેશમાં મોકલવામાં આવતા પૈસાને રેમિટેન્સ કહેવામાં આવે છે. (Source : https://sandesh.com)

# યુ.કે.ના ગુજરાતી પરિવારે કોરોનામાં બેરોજગાર કલાકારોને રાશન કીટ આપી



કોરોનાના કારણે બેરોજગાર બનેલા પાટણના કલાસંગીત સાથે સંકળાયેલા જરૂરિયાતમંદ કલાકારોને મદદરૂપ બનવા માટે ફેસબુક લાઈવના માધ્યમથી કરેલી અપીલને પગલે યુ.કે. સ્થિત ગુજરાતી પરિવાર દ્વારા કલાકારોને રાશનની કીટ અર્પણ કરવામાં આવી હતી. યુ.કે. સ્થિત ગુજરાતના અલ્પેશભાઈ અમીન પરિવાર દ્વારા પાટણ શહેરનાં કલાસંગીત સાથે સંકળાયેલા અને ધંધા રોજગાર ન મળવાથી આર્થિક મુશ્કેલી અનુભવી રહેલાં કલાકારોના પરિવારજનોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સાથેની કીટ સ્વરમ ફાઉન્ડેશનના માધ્યમથી અર્પણ કરવામાં આવી હતી. (Source : www.divyabhaskar.co.in)

# ભરૂચના અરગામા ગામનાં વતની UKમાં ચૂંટણી જીત્યા

ઈંગ્લેન્ડમાં યોજાયેલી ચૂંટણીમાં ભરૂચના વાગરા તાલુકાના અરગામા ગામના વતની માતા, પુત્રી અને પુત્ર ચૂંટણીમાં ઉમેદવાર તરીકે હતા. વિદેશના રાજકારણમાં જાણીતું સ્થાન મેળવનાર સ્વ. અહમદ ખાનની અને અરગામા ગામના માજી સરપંચ ઈબ્રાહિમ ખાનની પ્રપૌત્રી હસીના ખાને ઈંગ્લેન્ડના ચોર્લી નોર્થના કાઉન્સિલર તરીકે રાજકીય કારકિર્દી શરૂ કરી હતી. તેઓ વર્ષ ૨૦૦૬માં લેન્કેશાયરમાં કાઉન્સિલર તરીકે ચૂંટાયા અને ૨૦૧૯માં મેયર તરીકે પણ સેવા આપી હતી. માતાના રાજકીય કરિયરમાંથી પ્રેરણા લઈને હાલમાં ઈંગ્લેન્ડમાં યોજાયેલી સ્થાનિક



ચૂંટણીમાં બન્ને બાળકોએ ઝંપલાવ્યું હતું. જેમાં હસીના ખાનની પુત્રી ઝારા ચોર્લી કાઉન્સિલ પર બીજી વખત ચૂંટાઈ આવ્યા છે, જ્યારે હસીના ખાન પાંચમી ટર્મ માટે ફરીથી ચૂંટાઈ આવ્યા હતા. તેમનો પુત્ર સમીર ખાન પણ ચૂંટણીમાં વિજેતા થયો હતો. (Source : https://sandesh.com)


# પોરબંદર માટે સાયકલીંગ દ્વારા દાન એકત્ર કરતા UKના બે ગુજરાતી બાળકો



કોરોનાની બીજી લહેરમાં સપડાયેલા પોરબંદરને મદદરૂપ થવા યુ.કે.માં રહેતા ૧૦ વર્ષ અને ૫ વર્ષની ઉંમરના બે ભાઈઓ દાન એકત્રિત કરી રહ્યા છે. રોજના ૧૦ માઈલ સાઇકલ પ્રવાસ કરી આ બંને ભૂલકાંઓએ રૂ. ૧,૬૧,૦૦૦ જેટલી રકમનું દાન એકત્રિત પણ કરી લીધું છે. મૂળ પોરબંદરના ભાવપરા ગામના વતની અને યુ.કે.ના કોર્બીમાં સ્થાયી થયેલા અશોકભાઈ ઓડેદરાના પુત્ર વીર અને આર્યએ પોતાના વતનને મદદરૂપ થવા સૌપ્રથમ તો પોતાની પોકેટમનીનું દાન કરી દીધું હતું. (Source : www.divyabhaskar.co.in)

# એટર્ની શ્રી નિમેશ પટેલ ફરીથી કાઉન્સિલર બન્યા

ઇન્ડિયન અમેરિકન એટર્ની શ્રી નિમેશ પટેલ ફરીથી કાઉન્સિલર બન્યા છે. ૧૭ મેના રોજ જ્યોર્જિયાના કેનેસો સિટી કાઉન્સિલે પૂર્વ કાઉન્સિલમેન શ્રી પટેલને પોસ્ટ 'ફાઇવ'ની બેઠક માટે સર્વાનુમતે નિમણુંક આપી હતી. નવેમ્બર ૨૦૧૭માં ચૂંટાયેલા



બ્લિન્કહોર્નએ સ્ટેટ હાઉસ રીપ્રેસેન્ટેટિવ તરીકે ડિસ્ટ્રિક્ટ ૩૪માં યોજાનારી ચૂંટણી માટે ઉમેદવારીની ઘોષણા કરતા તેમની ખાલી પડેલી જગ્યા ઉપર શ્રી પટેલને નિમણુંક આપવામાં આવી છે. તેઓ ૩૧મી ડિસેમ્બર સુધી હોદ્દો સંભાળશે. (Source : https://indus.dailyhunt.in)

# ગુજરાતી સમાજ ઓફ મિસીસીપીની ગુજરાતને સહાય

કોવિડ-૧૯ના બીજા તબક્કાની લહેરની વિષમ સ્થિતિમાં જન્મભૂમિનું ઋણ ચુકવવા માટે અમેરિકા વસતાં મૂળ ગુજરાતીઓ દ્વારા એક લાખ ડોલરના ખર્ચે સુરત મહાનગર પાલિકાને ૨૦૦ ઓક્સીજન કોન્સન્ટ્રેટર મશીન મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો જે સુરત આવી પહોંચ્યા છે અને



હવે આગામી દિવસોમાં આ ઓક્સીજન મશીનો શહેર અને જિલ્લામાં ફાળવવામાં આવશે. દાયકાઓથી અમેરિકાને કર્મભૂમિ બનાવનાર બિનનિવાસી ગુજરાતીઓ દ્વારા ગણતરીનાં સમયમાં જ એક લાખ ડોલરની માતબર સહાય એકઠી કરી લેવામાં આવી હતી. (Source : https://navgujaratsamay.com)

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહવાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**


જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ **(nrgfoundation@yahoo.co.in)** દ્વારા, કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહવાન છે.

## ગુજરાત કાર્ડ: ઓનલાઈન મેળવો



બિન-નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.





## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતીભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## અનઅધિકૃત એજન્ટોથી ચેતો અને ભારત સરકાર દ્વારા માન્ય રીક્રુટીંગ એજન્ટ થકી જ વિદેશમાં રોજગારી અર્થે જવાની પ્રક્રિયા કરો

- ઇમીગ્રેશન એક્ટ ૧૯૮૩ હેઠળ ભારત સરકાર દ્વારા વિદેશમાં રોજગારી અર્થે નાગરિકોને મોકલવા માટે ભરતી કરનાર એજન્ટો (રીક્રુટીંગ એજન્ટો) અધિકૃત કરી તેના નિયમો બનાવવામાં આવેલ છે.
- પરદેશમાં અને તેમાં પણ ખાસ કરીને ગલ્ફ દેશોમાં કુશળ, અર્ધકુશળ અને અકુશળ કારીગરોની માંગણી રહે છે. દર વર્ષે સાતથી આઠ લાખ ભારતીય કારીગરો વિદેશમાં જાય છે. પરંતુ તેઓની સુરક્ષા અંગે કોઇ ખાતરી નથી. કારણ કે, કારીગરો બે પ્રકારના એજન્ટો દ્વારા આ દેશોમાં જાય છે. (૧) ભારત સરકાર દ્વારા રજીસ્ટર્ડ Recruiting Agents અને (૨) ગેરકાયદેસર Recruiting Agents.
- ભારત સરકાર દ્વારા રજીસ્ટર્ડ Recruiting Agents મારફતે ગયેલ કારીગરોને કોઇ પ્રશ્નો ઊભા થાય તો ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા સંપૂર્ણ મદદ થાય છે. પરંતુ ગેરકાયદેસર Recruiting Agents મારફતે ગયેલ કારીગરોના પ્રશ્નો હલ કરવા ઘણા મુશ્કેલ બની જાય છે. કારણ કે તેઓને Recruiting Agents દ્વારા ઘણી છેતરામણી, લોભામણી વાતો કરી લઇ જવામાં આવે છે અને ત્યાં વાસ્તવિકતા અલગ જ હોય છે.
- ભારત સરકાર દ્વારા કારીગરોની નોકરી અંગે જે કાયદેસરના Recruiting Agents નીમાયેલ છે. તેમાં ગુજરાતમાં ૯ રજીસ્ટર્ડ Recruiting Agents કાર્યરત છે. આ બાબતની જાગૃતિ લાવવા માટે ગુજરાત સરકાર વતી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાને વર્તમાન પત્રોમાં અંગ્રેજી અને ગુજરાતીમાં રજીસ્ટર્ડ Recruiting Agents મારફતે જ પરદેશ નોકરીની કાર્યવાહી હાથ ધરવા જાહેરાત આપેલ છે અને રજીસ્ટર્ડ Recruiting Agents ની યાદી તથા વધુ વિગતો માટે ભારત સરકારની વેબસાઇટ www.emigrate.gov.in ની મુલાકાત લેવી.

**વિદેશમાં રોજગારી અર્થે કેન્દ્ર સરકાર દ્વારા માન્ય ભરતી કરનાર એજન્ટ (રીક્રુટીંગ એજન્ટ) થકી જાવ અને છેતરીપીંડીથી બચો.**

## ડાયસ્પોરા બાળકો માટે સ્કૉલરશીપ કાર્યક્રમો
## SCHOLARSHIP PROGRAMMES FOR DIASPORA CHILDREN

### હેતુ




ભારત સરકાર દ્વારા ઓવરસીઝ ભારતીયોના બાળકોને ભારતમાં જ ઉચ્ચ શિક્ષણ સુલભ કરાવવા માટે તથા ભારતને ઉચ્ચ શિક્ષણ આપતાં કેન્દ્ર તરીકે પ્રમોટ કરવાના હેતુસર આ યોજના શરૂ કરવામાં આવી છે.

### યોજનાનો લાભ કોને મળે છે ?

આ યોજનાનો લાભ ૧૦૦ જેટલા PIO/NRIઓને Undergraduate મેડીકલ અને તેને સંબંધિત અભ્યાસક્રમો સિવાયના અભ્યાસક્રમો જેવા કે એન્જીનીયરીંગ, ટેક્નોલોજી, માનવ-વિદ્યાઓ, કોર્મસ, આર્ટસ, મેનેજમેન્ટ, જર્નાલિઝમ, હોટેલ મેનેજમેન્ટ, ખેતી, પશુ પાલન વગેરે માટે વાર્ષિક ૪૦૦૦ US$ સુધીની સ્કોલરશીપ આપવામાં આવે છે.

આ યોજનાનો લાભ ભારતીય ડાયસ્પોરાની પૂરતી વસતી હોય તેવા ૪૦ જેટલા દેશોના PIO/NRIઓ માટે છે.

### યોજનાના અમલીકરણ માટે જવાબદાર એજન્સી ?

ભારતીય મિશન

**આ યોજનાની વધુ માહિતી મેળવવા માટે લૉગ ઓન કરો : http://mea.gov.in/spdc.htm**



## ગુજરાતમાં વાવાઝોડાનો ઈતિહાસ અને

# વાવાઝોડાનું વિજ્ઞાન

૧૭મી મે ૨૦૨૧ની રાત્રે સાડા દસની આસપાસ પૂર્વ મધ્ય અરબી સમુદ્ર સ્થિત 'તાઉ-તે' વાવાઝોડું ૧૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ગુજરાત પર ત્રાટક્યું. જાનમાલનું ખૂબ મોટું નુકસાન ગુજરાતને થયું. ગીર-સોમનાથ જિલ્લામાં ઉનાના દરિયાકાંઠે આ વાવાઝોડું પ્રથમ ટકરાયું અને પછી સૌરાષ્ટ્રમાં આગળ વધતું વધતું બોટાદ, સુરેન્દ્રનગરના રસ્તે ઉત્તર ગુજરાત તરફ આગળ વધી રાજસ્થાન તરફ ચાલ્યું ગયું. રસ્તામાં આવતા અનેક વિસ્તારોમાં ભારે પવન ફૂંકાયો અને સાથે સાથે ભારે વરસાદ પણ થયો. તાઉ-તે વાવાઝોડાની વધારે અસર પોરબંદર, ગીર સોમનાથ, અમરેલી, જૂનાગઢ, ભાવનગર, રાજકોટ, મોરબી, જામનગર, દ્વારકા, સુરેન્દ્રનગર, બોટાદ અને કચ્છમાં થઈ. ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં સુરત, વલસાડ, નવસારી અને ભરૂચના દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ વાવાઝોડાની અસર જોવા મળી હતી. વાવાઝોડાના સમયે ૧૫ જેટલા જિલ્લામાં ૭૦થી ૧૭૫ કિમીની ઝડપે પવન ફૂંકાયો.

હવામાન વિભાગે આ વાવાઝોડાને 'અત્યંત તીવ્ર ચક્રવાતી સમુદ્રી તોફાન' જાહેર કર્યું હતું જેના અનુસંધાને રાજ્યમાં ગ્રેટ ડેન્જરનું એલર્ટ આપવામાં આવ્યું હતું. રાજ્યમાં દરિયાકાંઠાના અલગ અલગ જિલ્લામાંથી બે લાખ લોકોને સલામત સ્થળે ખસેડાયા હતા. રાજ્યભરમાં બચાવકાર્ય માટે NDRFની ૪૪ ટીમને તૈનાત કરી દેવાઈ હતી, જ્યારે SDRFની પણ ૬ ટીમને સ્ટેન્ડ બાય રખાઈ હતી.

વેરાવળ-જાફરાબાદ બંદર પર ૧૦ નંબરનું અને ઘોઘા બંદર પર ૯ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. ૯ નંબરના સિગ્નલનો અર્થ છે કે પવનની ગતિ ૭૫થી ૮૮ કિલોમીટર પ્રતિ કલાક હશે અને તેની દેખીતી અસરોમાં ઘરની છત-નળિયા હવામાં ઉડવા લાગે છે. જ્યારે ૧૦ નંબરના સિગ્નલનો અર્થ છે કે પવનની ગતિ ૮૯થી ૧૦૨ કિમી હશે અને ઝાડ ધરાશાયી થવા લાગે છે.

### સિગ્નલ નંબર પવનની ગતિ-અસરો દ્વારા નક્કી થાય છે

| સિગ્નલ | પવનની ગતિ | દેખાતી અસરો |
|---|---|---|
| નંબર 1 | 1થી 5 કિ.મી | સામાન્ય પવન અને ધુમાડો |
| નંબર 2 | 6થી 12 કિ.મી | ધ્વજ પર હવાની અસર દેખાય |
| નંબર 3 | 13થી 20 કિ.મી | ધ્વજ સતત ફરકે |
| નંબર 4 | 21થી 29 કિ.મી | કાગળ, રૂ હવામાં ઊડવા લાગે |
| નંબર 5 | 30થી 39 કિ.મી | નાનાં ઝાડ પર અસર |
| નંબર 6 | 40થી 49 કિ.મી | ઝાડની ડાળીઓ હલવા લાગે |
| નંબર 7 | 50થી 61 કિ.મી | પવનમાં ચાલવું મુશ્કેલ બને |
| નંબર 8 | 62થી 74 કિ.મી | ઝાડની ડાળીઓ નીચે પડવા લાગે |
| નંબર 9 | 75થી 88 કિ.મી | ઘરની છત, નળિયાં હવામાં ઊડવા લાગે |
| નંબર 10 | 89થી 102 કિ.મી | ઝાડ ધરાશાયી થવા લાગે |
| નંબર 11 | 103થી 118 કિ.મી | દરિયામાં વિઝિબિલિટી ઝીરો થાય |
| નંબર 12 | 119થી 220 કિ.મી | હેરિકેન અથવા ટોર્નેડોમાં નુકસાન |

ગુજરાતમાં ૨૩ વર્ષ બાદ આવું ભયાનક વાવાઝોડું આવ્યું હતું. આ પહેલાં ૯ જૂન ૧૯૯૮માં કચ્છ જિલ્લાના કંડલામાં આવું જ ભયાનક વાવાઝોડું આવ્યું હતું જેમાં ૧૧૭૩ લોકોના મૃત્યુ થયા હતા અને ૧૭૭૪ લોકો લાપતા થયા હતા.

વિજ્ઞાનીઓ વાવાઝોડાની તીવ્રતાને જલવાયુ પરિવર્તન સાથે આજે જોડી રહ્યા છે, પણ ગુજરાતની વાવાઝોડા સાથે અનોખી ફિતરત રહી છે. ૧૯૭૦ના દસકાથી અત્યાર સુધીમાં ગુજરાત પર ઘણા વાવાઝોડા ત્રાટક્યા છે. એમાંના બે ૧૯૮૧ અને ૧૯૯૮ના ટ્રોપિકલ વાવાઝોડાએ રાજ્યને ઘમરોળી નાખ્યું હતું. આ બંને વાવાઝોડામાં લેન્ડફોલ સૌરાષ્ટ્ર અને કચ્છ હતા. ૧૯૮૧ અને ૧૯૯૮ની તીવ્રતા સાથે મેચ થતું વાવાઝોડુ ૧૯૭૬ અને ૧૯૭૮માં આવ્યું હતું. એ વખતે પવનની ગતિ કલાકના ૧૬૭ કિમીની હતી.

૧૯૯૮માં ૧૬૦થી ૧૮૦ કિમીની ગતિવાળું વાવાઝોડુ ૯ જૂને પોરબંદર નજીક ત્રાટક્યુ ત્યારે કંડલા પોર્ટ સહિત તેના માર્ગમાં જે કંઈ આવ્યું તેનો વિનાશ કર્યો હતો. એ વાવાઝોડામાં માણસો ઉપરાંત ૨૨ હજાર જેટલા ઢોર માર્યા ગયા હતા. હજારો ગ્રામીણ પરિવારોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ૧૬૫ કિમીની ઝડપે પવન ફૂંકાતા કંડલા પોર્ટ આસપાસ વધુમાં વધુ નુકસાન થયું હતું. એક અંદાજ પ્રમાણે આ વાવાઝોડાથી રૂપિયા બે હજાર કરોડથી વધુનું નુકસાન થયું હતું. ગુજરાતના કાંઠાને ઘમરોળનાર આ વાવાઝોડુ કંડલા પહોંચ્યું ત્યારે દરિયામાં ૨૫ ફૂટ ઊંચા મોજા ઉછળ્યા હતા. વાવાઝોડાથી ૧૮ જિલ્લાના ૮૨ તાલુકાના ૨૯૩૮ ગામોને અસર થઈ હતી.

૧૯૮૧માં વાવાઝોડું આવ્યું એ પહેલાં ભારતે તેનો ઈનાલેટ આઈએ સેટેલાઈટ ગુમાવ્યો હતો. અમેરિકન સેટેલાઈટ નોવા અને સોવિયેત સેટેલાઈટ મીટીઓર-૨ એ વેરાવળ અને જુનાગઢ તટ તરફ જતા વાવાઝોડાનું પગેરું રાખ્યું હતું. એ વર્ષે ૧ નવેમ્બરે વિનાશક વાવાઝોડુ સૌરાષ્ટ્રના નગરો પર ત્રાટક્યું હતું. ૯૫ માણસોના મોત સાથે અમરેલીને ભારે નુકસાન થયું હતું.

## ગુજરાતમાં વાવાઝોડાની તવારીખ :

૪થી ૧૦ જૂન, ૧૯૯૮ : અરબી સમુદ્રમાં અતિ સિવીઅર સાયક્લોનીક સ્ટોર્મ સ્પીડ ૧૬૭ કિમી. વાવાઝોડાથી ગુજરાત અને રાજસ્થાનને અસર થઈ હતી. સૌથી વધુ અસર પોરબંદરમાં થઈ હતી.

૧૬થી ૨૨ મે, ૧૯૯૯ : અરબી સમુદ્ર પર વેરી સિવિયર સાયક્લોનીક સ્ટોર્મ સ્પીડ ૧૦૨ કિમી. એનાથી કચ્છ અને જામનગર જીલ્લામાં ૪૫૩ માણસોના મોત સાથે ભારે નુકસાન થયું હતું. પ્રોપર્ટીને ૮૫ કરોડના નુકસાનનો અંદાજ.

૭ જૂન, ૨૦૧૦ : 'ફેટ' વાવાઝોડાએ ઓમાન, પશ્ચિમ ભારત અને પાકિસ્તાનમાં લેન્ડફોલ કર્યો હતો. સ્પીડ ૧૫૫ કિમી. કચ્છમાંથી ૮૦૦૦ લોકોને બચાવી લેવાયા હતા. વીજળી, કરંટ અને ડુબી જવાથી ગુજરાતમાં પાંચના મોત થયા હતા.

૨૫થી ૩૧ ઓક્ટોબર ૨૦૧૪ : અરબી સમુદ્રમાં ત્રીજું સૌથી ભયાનક 'નીલોફર' એક્સ્ટ્રીમ્લી સીવીયર સાયકલોનીક સ્ટોર્મ હતું. પરંતુ એ નબળું પડી ડિપ્રેસનમાં ફેરવાયુ હતું, અને નલિયામાં જમીન પર ત્રાટક્યું હતું. એનાથી હળવો વરસાદ અને ભારે પવન ફૂંકાયો હતો. સ્પીડ ૨૦૫ કિમીની હતી. ગુજરાતમાં કોઈ જાનહાની થઈ નહોતી.

૨૯ નવેમ્બરથી ૬ ડિસેમ્બર ૨૦૧૭ : શ્રીલંકા અને ભારતના અમુક વિસ્તારોને ઘમરોળનાર 'ઓખી' જોરદાર ટ્રોપીકલ વાવાઝોડું હતું. ૨૦૧૫માં 'મેઘ' નામના વાવાઝોડા પછી અરબી સમુદ્રમાં એ તીવ્ર ટ્રોપીકલ સ્ટોર્મ હતું. અરબી સમુદ્રના આખરી તબક્કામાં એ ઝડપથી નબળું પડ્યું હતું. સ્પીડ હતી ૧૫૫ કિમી. એનાથી દક્ષિણ ગુજરાતના અમુક ભાગોમાં વરસાદ થયો હતો અને શાકભાજી, કેળાના પાકને નુકસાન થયું હતું.

## ગુજરાતમાં તાજેતરમાં આવેલા વાવાઝોડા

જૂન ૨૦૧૯થી જૂન ૨૦૨૦ સુધીમાં કુલ પાંચ વાવાઝોડા સક્રિય થયા હતા. જૂન ૨૦૧૯માં 'વાયુ', સપ્ટેમ્બર ૨૦૧૯માં 'હિક્કા', ઓક્ટોબર ૨૦૧૯માં 'ક્યાર', નવેમ્બર ૨૦૧૯માં 'મહા' અને ત્યારબાદ જૂન ૨૦૨૦માં 'નિસર્ગ' વાવાઝોડું સક્રિય થયા હતા. આ પાંચમાંથી વાયુ, હિક્કા અને ક્યાર વાવાઝોડા ફંટાઈ ગયા જ્યારે બાકીના બે મધદરિયે શમી ડીપ ડીપ્રેશનમાં ફેરવાયા હતા. આ ઉપરાંત ૨૦૧૪થી ગુજરાતના દરિયાકાંઠે નિલોફર, ઓખી, ફાની, ચપાલા, અશોબા, સાગર, નનૌક વાવાઝોડા ત્રાટક્યા છે. જોકે તમામ વાવાઝોડા દરિયામાં જ સમાઈ ગયા છે.

## વાવાઝોડાનું નામકરણ કેવી રીતે થાય છે?

દરેક વાવાઝોડાનું નામ હોય છે. આ વખતના વાવાઝોડાનું નામ તાઉ-તે રખાયું હતું. આ વાવાઝોડાના નામ કેવી રીતે આપવામાં આવે છે? વાવાઝોડાનું નામ રાખવાનું કામ વર્લ્ડ મેટ્રોલોજિકલ સંગઠન કરે છે. જે વિસ્તારમાં વાવાઝોડું આવે છે ત્યાં તેની એજન્સી વાવાઝોડાનું નામ રાખવાનું કામ કરે છે.

બધા દેશો સાથે મળીને આ નામકરણ કરે છે જેમાં અલગ અલગ નામો પહેલાંથી જ આપી દેવાયા હોય છે. આ નામકરણ માટે સંગઠન પણ બનાવવામાં આવ્યું છે જેમાં વિવિધ દેશોનો સમાવેશ પણ કરાયો છે. હિંદ મહાસાગરમાં આવતા દેશોમાં વાવાઝોડાનું નામ રાખવાની શરૂઆત ૨૦૦૪ની સાલમાં થઇ.

૨૦૦૪ના વર્ષમાં દરિયાકિનારાની સરહદ ધરાવતા આઠ દેશોની વચ્ચે એક કરાર કરવામાં આવ્યો. આ દેશોમાં ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, મ્યાનમાર, માલદીવ, શ્રીલંકા, ઓમાન અને થાઈલેન્ડનો સમાવેશ થાય છે. વિવિધ દેશના નામના પહેલાં અક્ષર અનુસાર તેમનો ક્રમ નક્કી થાય છે. આઠ દેશોના ક્રમાનુસાર આઠ નામ આપવાના હોય છે. જ્યારે જે દેશનો નંબર આવે છે ત્યારે તે દેશ દ્વારા આપવામાં આવેલા નામથી વાવાઝોડાંનું નામકરણ કરવામાં આવે છે. આમ એકસાથે ૬૪ નામ આપવામાં આવ્યા હતા. મે ૨૦૨૦માં આવેલું એમ્ફાલ વાવાઝોડું ૨૦૦૪માં આ દેશોએ મોકલાવેલા ૬૪ નામોમાં અંતિમ નામ હતું. ભારતે સપ્ટેમ્બર ૨૦૦૪માં અગ્નિ, આકાશ, બીજલી, જલ, લહેર, મેઘ, સાગર અને વાયુ નામ મોકલાવ્યા હતા. વાવાઝોડાને એક નામ આપ્યા બાદ પછીના દસ વરસ સુધી એ નામનો ઉપયોગ થતો નથી. એપ્રિલ ૨૦૨૦માં આ ૮ દેશો (ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, મ્યાનમાર, માલદીવ, શ્રીલંકા, ઓમાન અને થાઈલેન્ડ) સાથે બીજા પાંચ દેશો – ઈરાન, કતાર, સઉદી અરેબિયા, યુએઇ અને યમન પણ જોડતા કુલ દેશો ૧૩ થયા. આ વખતે દરેક દેશે ૮ના બદલે ૧૩ નામ મોકલ્યા છે જેથી કુલ ૧૬૯ નામ મોકલાયા જે આવનાર સમયમાં હિન્દ મહાસાગરમાં ઉદ્ભવનાર વાવાઝોડાને

અપાશે. ભારતે મોકલેલા નામો છે – ગતિ, તેજ, મુરસુ, આગ, વ્યોમ, ઝોર, પ્રોબાહ, નીર, પ્રભંજન, ઘુરની, અંબુદ, જલધિ અને વેગ.

તાજેતરમાં આવેલું 'તાઉ-તે' ૨૦૨૧નું પહેલું ચક્રવાત હતું, જેને મ્યાનમાર દ્વારા 'તાઉ-તે' નામ આપવામાં આવ્યું છે. જેનો અર્થ 'ગેકો' છે એટલે કે ગરમ વાતાવરણમાં મળતી ઘરેલું ગરોળી છે. તે પછી બંગાળની ખાડીમાં ઉદભવેલ ચક્રવાત 'યાસ'નું નામ ઓમાને આપ્યું હતું. હવે પછી કોઈ વાવાઝોડું ઉદભવશે તેને 'ગુલાબ' નામ અપાશે જે પાકિસ્તાને મોકલ્યું છે.

૧૩ જૂન ૨૦૧૯એ આવેલા 'વાયુ' વાવાઝોડુંનું નામ ભારતે પાડ્યું હતું. 'નિસર્ગ' નામ બાંગલાદેશે આપ્યું હતું. ઓમાને વાવાઝોડાને 'મહા' નામ આપ્યું હતું તો 'બુલબુલ' નામ પાકિસ્તાને આપ્યું છે.


વાવાઝોડાના નામ રાખવાની શરૂઆત ૧૯૫૩માં થઇ હતી. દુનિયાભરના દેશોમાં વાવાઝોડાને જુદાં-જુદાં નામથી ઓળખવામાં આવે છે. વાવાઝોડાની ઝડપ ઓછામાં ઓછી ૬૩ કિમી પ્રતિ કલાક હોય ત્યારે જ જે-તે વાવાઝોડાનું નામ રાખવામાં આવે છે અને જે વાવાઝોડાની ગતિ ૧૧૮ કિમી પ્રતિ કલાક હોય તો તેને ગંભીર માનવામાં આવે છે. આ ઉપરાંત તેની ઝડપ ૨૦૦ કિમી પ્રતિ કલાકથી વધારે થાય તેને સુપર સાઈક્લોનની કક્ષામાં મુકવામાં આવે છે.

## વાવાઝોડું કેવી રીતે સર્જાય છે?

વાવાઝોડા પેદા કરવા તાપમાન ૨૬.૫ ડિગ્રી સે.થી ઉપર હોવું આવશ્યક છે. સમુદ્રનાં ગરમ પાણીથી ગરમ થયેલી હવા ઉપર ઊઠે છે. ત્યારે એક લો પ્રેશર ઉદભવે છે. આ લો પ્રેશરમાં આસપાસની ઠંડી હવા ભરાઈ જાય છે. ગરમ થઈને ઉપર ગયેલી હવા ફરીથી ઠંડી પડીને નીચે તરફ આવતી હોય, ત્યારે નીચેથી પહેલાંથી જ ગરમ થયેલી હવા તેને બાજુમાં ધકેલી દે છે. આ પ્રક્રિયા હવાની ગતિ વધારી દે છે. આ દરમિયાન પૃથ્વી તેની ધરીની આસપાસ ભમરડાની જેમ ફરતી હોય છે. આ હવા સીધી દિશામાં ગતિ ન કરતાં ગોળ ગોળ ફરે છે. આ હવા ઘુમરા મારતી આગળ વધે છે તેને વાવાઝોડું કહે છે. વાવાઝોડાનું મધ્ય બિંદુ હંમેશા ખાલી હોય છે. જ્યારે આ હવા ગરમ થઈને ઉપર ઊઠે છે તેમાં ભેજ પણ હોય છે. માટે વાવાઝોડું તોફાની પવન સાથે વરસાદરૂપે પણ વરસે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે ગ્લોબલ વોર્મિંગના કારણે સમુદ્રના પાણીનું તાપમાન વધી રહ્યું છે અને તેને કારણે ભવિષ્યમાં વાવાઝોડાનું જોખમ વધી ગયું છે.

## વાવાઝોડાની રચના

કોઈ પણ ચક્રવાતના મધ્ય ભાગ એટલે કે કેન્દ્રને આંખ અથવા આઈ (Eye) કહે છે. વાવાઝોડાની આંખ એ ઉષ્ણકટિબંધીય ચક્રવાતનાં કેન્દ્રમાં મોટે ભાગે શાંત હવામાનનો ખાલી વિસ્તાર છે. ચક્રવાતની આંખ સામાન્ય રીતે ૩૦ થી ૬૫ કિલોમીટર વ્યાસનો લગભગ ગોળાકાર વિસ્તાર છે. આ આંખની ચોતરફ સતત વાદળો ઘૂમતા રહે છે. આ આંખ, ભારે વાદળોની વીંટી જેવી 'આઇવોલ' એટલે કે એક જાડી દિવાલથી ઘેરાયેલી હોય છે. આ એક રીતે વાદળોનો ઘેરાવો હોય છે. આ ત્યારે જ સર્જન પામે છે કે જ્યારે ચક્રવાતી વાવાઝોડું ગંભીર (Severe) અથવા અત્યંર ગંભીર (Extremely Severe) સ્વરૂપ



ધારણ કરે છે. આંખની ચોતરફ વાદળ, સામાન્ય પવન, સતત વીજળી અને ભારે વરસાદ થતો રહે છે.

સામાન્ય ચક્રવાતની સ્થિતિમાં આંખ બને તો છે પણ તે ગંભીર ચક્રવાતની આંખની માફક દિવાલ બનાવી શકતું નથી. તેની ઉપર વાદળોનું એક કવચ બનેલું રહે છે. ચક્રવાતનું સૌથી ઓછું બેરોમેટ્રિક પ્રેશર આંખમાં હોય છે અને તે તોફાનની બહારના દબાણ કરતા ૧૫ ટકા જેટલું ઓછું હોઈ શકે છે.

## આપણે ત્યાં વાવાઝોડાને 'સાયકલોન' કેમ કહે છે?

વિવિધ પ્રદેશોમાં વાવાઝોડાને અલગ નામથી ઓળખવામાં આવે છે. ઉત્તર એટલાન્ટીક મહાસાગર અને ઉત્તર પૂર્વીય પ્રશાંત મહાસાગરમાં જે વાવાઝોડું આવે તેને 'હરિકેન' કહેવાયા છે. ઉત્તર પશ્ચિમી પ્રશાંત મહાસાગરમાં આવનારા વાવાઝોડાંને 'ટાયફૂન' કહે છે. જ્યારે દક્ષિણ પ્રશાંત અને હિન્દ મહાસાગરમાં આવનારા તોફાનને 'સાયકલોન' કહે છે. ભારતમાં આવતા તોફાન દક્ષિણ પ્રશાંત અને હિન્દ મહાસાગરમાંથી આવે છે એટલે તેને સાયકલોન જ કહે છે.

## વાવાઝોડા દરિયાકાંઠે શા માટે નબળા પડે છે?

ચક્રવાત હંમેશા દરિયાની ખુલ્લી જગ્યાઓ પર બને છે જ્યાંથી તેઓ શક્તિ મેળવે છે. વાવાઝોડું જ્યારે દરિયા કાંઠે ટકરાય છે ત્યારે જમીન સાથે ઘર્ષણ અનુભવે છે. પ્રમાણમાં સરળ સમુદ્રની સરખામણીમાં ઉબડખાબડ જમીન, ઝાડીઝાંખરાં, વૃક્ષો, મકાનો, ઇમારતો વગેરેને કારણે વધતું ઘર્ષણ કંઈક અંશે અવરોધ તરીકે કામ કરે છે. આમ સતત પવનની ગતિમાં ઘટાડો થાય છે. બીજું કારણ છે જમીન પર સમુદ્રની સરખામણીમાં ભેજનો અભાવ. જમીન પર ભેજ ઓછો હોય છે અને જમીન સમુદ્રથી આવતા ભેજવાળા પવનોને ગરમ કરી દે છે. આ ભેજનો ક્ષય અને ગરમી ઉષ્ણકટીબંધીય ચક્રવાતના કેન્દ્રની નજીક વાવાઝોડા પેદા કરવાની ક્ષમતાને નુકસાન પહોંચાડે છે. જેથી વાવાઝોડું ઝડપથી નબળું પડે છે. જમીન અને સમુદ્ર વચ્ચેનો હવાના દબાણનો તફાવત પણ તેમાં ભાગ ભજવે છે.

(Sources & Photo Courtesy : www.gujaratsamachar.com, www.divyabhaskar.co.in, www.gstv.in, https://tv9gujarati.in, https://gujarati.abplive.com, https://www.bolegujarat.in, https://pib.gov.in, www.gujaratreader.com, https://en.wikipedia.org, https://missionsbox.org)




# ગૂજરાત વિદ્યાપીઠ

દક્ષિણ આફ્રિકાથી પરત ફર્યા પછી ગાંધીજી આખા ભારતમાં ફર્યા. તેમણે ભારતીય લોકોના જીવનનું નિરીક્ષણ કર્યા પછી તેમની રાજકીય, સામાજિક, શૈક્ષણિક અને આર્થિક કથળતી પરિસ્થિતિનો વ્યક્તિગત અનુભવ કર્યો. ભારતીય લોકોની બધી સમસ્યાઓનું સમાધાન શોધવા માટે બાપુએ અવિરત પ્રયાસો કર્યા. તેમણે ૧૯૧૫-૧૯૨૦ દરમિયાન અમદાવાદના કોચરબ અને સાબરમતી આશ્રમમાં શિક્ષણના કેટલાક પ્રારંભિક પ્રયોગો કર્યા.

ઓગસ્ટ ૧૯૨૦માં ગાંધીજીએ અસહકાર આંદોલન શરૂ કર્યું. ગાંધીજીએ દરેક ભારતીયને બ્રિટીશ સામ્રાજ્ય દ્વારા અપાયેલ માનઅકરામ-એવોર્ડ, અંગ્રેજી શિક્ષણ આપતી શાળા-કોલેજો, અદાલતો અને વિધાનસભાઓનો બહિષ્કાર કરવાનું કહ્યું. આ અસહકાર આંદોલનનો સૌથી મહત્વનો મુદ્દો એ હતો કે બ્રિટીશ સરકારના નિયંત્રણ હેઠળની તમામ શાળાઓ અને કોલેજોનો બહિષ્કાર કરવો અને ભારતીય યુવાનોને બ્રિટીશ વસાહતી શાસનના સકંજામાંથી મુક્ત કરાવવાનો હતો. ગાંધીજી એ વાત સારી રીતે સમજી ગયા હતા કે મકાઉલે દ્વારા રચિત બ્રિટનની અંગ્રેજી શિક્ષણ નીતિનો હેતુ દમનકારી બ્રિટીશ સામ્રાજ્ય માટે માનવ સંસાધન તૈયાર કરવાનો હતો. અંગ્રેજી અધ્યાપન શાળાઓ અને કોલેજો ખાલી કરવાના ગાંધીજીના આદેશને પ્રચંડ પ્રતિસાદ મળ્યો હતો. હવે, જે વિદ્યાર્થીઓએ પોતાનું અધ્યયન અધવચ્ચે છોડી દીધું હતું તેઓ અભ્યાસથી વંચિત ન રહે તે નિશ્ચિત કરવા માટે રાષ્ટ્રીય વિદ્યાપીઠ સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો. તે સમયગાળા દરમિયાન પાંચ વિદ્યાપીઠો સ્થાપવામાં આવી જેમાંની એક હતી ગૂજરાત વિદ્યાપીઠ.

ગાંધીજીએ પોતે ૧૮ ઓક્ટોબર, ૧૯૨૦ના રોજ ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપિત કરી. વાસ્તવમાં ગૂજરાત વિદ્યાપીઠની શરૂઆત કોચરબ આશ્રમની પાછળ ડાહ્યાભાઈના બંગલામાં કરવામાં આવી હતી. ભારતને બ્રિટિશરોની ગુલામીથી મુક્ત કરવાની લડત લડવા અને ભારતીય યુવાનો માટે સ્વદેશી શિક્ષણ આપવા તેમજ લોકોમાં સ્વદેશી પ્રત્યે જાગૃતી આવે તે હેતુથી વિદ્યાપીઠની સ્થાપના કરાઈ હતી. આમ, યુવાનોને રાષ્ટ્ર પુનઃનિર્માણ અને હિન્દ સ્વરાજ માટે તૈયાર કરવાના ઉદ્દેશ્યથી ગાંધીજીએ આ વિદ્યાપીઠની સ્થાપના કરી હતી.

ગૂજરાત વિદ્યાપીઠના પ્રથમ દિવસે ૫૯ વિદ્યાર્થીઓ હાજર હતા. એ દિવસે વિદ્યાલયની શુરુઆત ભારે ઉત્સાહથી થઈ હતી. જમીન પર બિછાવેલા આસન પર બેસવાની વિદ્યાર્થીઓ ના પાડશે એવા વિચારથી બાકડા મુકાયેલા. પણ બાકડાને બદલે વિદ્યાર્થીઓને ઢાળીયું પસંદ આવ્યું જે વિદ્યાપીઠની ઓળખ બની ગયું.

ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના સરકારી સનદ વિના રાષ્ટ્રીય યુનિવર્સિટી તરીકે થઈ હતી. ગાંધીજી આ વિદ્યાપીઠના જીવનપર્યંત કુલપતિ હતા. પ્રોફેસર એ. ટી. ગિદવાણી તેના સ્થાપક વાઇસ ચાન્સેલર હતા. ગાંધીજી પછી, સરદાર વલ્લભભાઇ પટેલ, ડૉ. રાજેન્દ્રપ્રસાદ અને મોરારજી દેસાઇએ વિદ્યાપીઠના કુલપતિ પદને શોભાવ્યું. પછીથી અન્ય ઘણી સંસ્થાઓ, કોલેજો અને શાળાઓ વિદ્યાપીઠ સાથે જોડાયા.

૧૯૩૦ સુધી ગૂજરાત વિદ્યાપીઠમાં ગ્રેજ્યુએશન કક્ષાએ ભાષામાં જોઈએ તો ગુજરાતી, બંગાળી, મરાઠી, સંસ્કૃત, અંગ્રેજી, ઉપરાંત દર્શનશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ગણિત, વિજ્ઞાન, સમાજવિદ્યા (રાજકારણ), સંપત્તિશાસ્ત્ર, તત્વજ્ઞાન, વાણિજ્ય, આર્યવિદ્યા (ધર્મ અને તત્ત્વજ્ઞાન, પુરાતત્ત્વ અને આર્યસંસ્કૃતિ), લલિતકલા જેવા વિવિધ વિષયોમાં વિશારદની પદવી આપવામાં આવતી હતી. તે સિવાય સામાન્ય જ્ઞાન, કાંતણવિદ્યા, ખાદીવિદ્યા, સુથારી, સીવણ, ચંપલકામ, પુસ્તક બાંધણી, વ્યાયામ, સંગીત, કસરત, ચિત્રકળા જેવા વિષયો વિનય મંદિરના


## શિક્ષણ સંસ્થા



ઔપચારિક વિષયો ઉપરાંત શીખવવામાં આવતા. પ્રકાશનના કામને ગાંધીજી બહુ મહત્વ આપતાં. વિદ્યાપીઠમાંથી પણ અનેક પુસ્તકો પ્રકાશિત થયેલાં. ૧૯૨૧થી ૧૯૫૦ સુધીમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલ ૧૬૪ પ્રકાશનો થયાં.

વિદ્યાપીઠ સ્વરાજ માટે જ સર્જાઈ હતી. સ્વરાજની લડત વિદ્યાપીઠના લોહીમાં વણાઈ હતી. નાગપુર સત્યાગ્રહ, બોરસદ સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહમાં વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિદ્યાપીઠે ૧૯૩૦થી ૧૯૩૫ના અસહકાર આંદોલન દરમિયાન કામચલાઉ ધોરણે કામ કરવાનું બંધ કરી દીધું હતું જે દરમિયાન વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સ્વતંત્રતાની લડતમાં સક્રિયપણે ભાગ લીધો હતો, જેમાંના ઘણાની ધરપકડ થઈ હતી. દાંડીકૂચ શરૂ થઈ તે પહેલા પૂર્વતૈયારી માટે દસ-દસની બે અરુણ ટુકડી બનાવવામાં આવી હતી, જે આગળથી નીકળી હતી. લોકોમાં જાગૃતિ લાવવા અધ્યાપકો અને વિદ્યાર્થીઓની છ ટુકડીઓ ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં ફેલાઈ હતી. કુલ ૪૨ અધ્યાપકો અને સેવકોમાંથી ૨૮એ દાંડીની લડતમાં એક યા બીજી રીતે ભાગ લીધો હતો. ૧૯૩૮ હરિપુરાની મહાસભામાં પાંચ અઠવાડીયા કામ બંધ કરીને વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ગયા હતા. દેશમાં જ્યારે કુદરતી આફતો આવી ત્યારે ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ તેમાં ફાળો ઉઘરાવવાનું કામ અને રાહતના કાર્યમાં મદદ કરી છે. ૧૯૪૨થી ૧૯૪૫ દરમિયાન 'ભારત છોડો' આંદોલન વખતે ફરીથી વિદ્યાપીઠની કામગીરી અટકી ગઈ. વર્ષ ૧૯૪૫ પછી વિદ્યાપીઠે ફરી એક વખત તેની પ્રવૃત્તિઓ શરૂ કરી.

જૂન ૧૯૪૭માં, મહાદેવ દેસાઈ સમાજ સેવા મહા વિદ્યાલયની સ્થાપના થઈ. શરૂઆતમાં આ કોલેજમાં ફક્ત ડિગ્રી કક્ષાના અભ્યાસક્રમો ચલાવવામાં આવતા હતા. વિદ્યાપીઠના મૂલ્ય આધારિત શિક્ષણના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્વને ધ્યાને લઈ જુલાઇ ૧૯૬૩માં ભારત સરકારે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) એક્ટ, ૧૯૫૬ના વિભાગ ૩ હેઠળ ગૂજરાત વિદ્યાપીઠને યુનિવર્સિટી તરીકે માન્યતા આપી અને ગૂજરાત વિદ્યાપીઠને સહાય માટે અનુદાન આપવાનું શરૂ કર્યું હતું. યુનિવર્સિટી બન્યા પછી ગૂજરાત વિદ્યાપીઠમાં શૈક્ષણિક અભ્યાસક્રમોનું સ્તર એમ.એ., એમ.ફિલ અને પી.એચ.ડી. સુધી વધારવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાષ્ટ્રભાષા હિન્દી પ્રચાર સમિતિ, પ્રૌઢ શિક્ષણ, આદિજાતિ સંશોધન અને તાલીમ સંસ્થા અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના ગૂજરાત વિદ્યાપીઠમાં કરવામાં આવી. આજે ગૂજરાત વિદ્યાપીઠ ભારત સરકારના સનદ સાથેની એક રાષ્ટ્રીય યુનિવર્સિટી છે અને સેવાલક્ષી શિક્ષણના ગાંધીજીના આદર્શોને પ્રોત્સાહન આપવા પ્રયત્નશીલ છે. ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના અંગે ગાંધીજીએ કહ્યું હતું કે, 'આ વિદ્યાલયની કસોટી માટે તમે જુદો આંક મુકજો. આની પરખ કરવાને સારું તમે જુદી પથરી શોધો એમ ઈચ્છું છું. સામાન્ય પથરી ઉપર કસોટી કરશો તો આભાસ પિત્તળનો માલૂમ પડશે. પણ ચારિત્ર્યની કસોટી ઉપર તપાસશો તો તમને પિત્તળ નહીં પણ સોનું જણાશે. આનું કારણ નથી ગુજરાતનું ધન, નથી ગુજરાતની વિદ્યા, પણ એનું કારણ એ છે કે અસહકારની ઉત્પત્તિનું સ્થાન ગુજરાત છે; અસહકારનું મૂળ ગુજરાતમાં રોપાયું છે; તેના ઉપર સિંચન ગુજરાતમાં થયું છે એને માટે તપસ્યા ગુજરાતમાં થઇ છે. મેં તો કેવળ મંત્ર આપ્યો છે, એક વણિક પુત્ર કરી શકતો હોય તો વિદ્યાપીઠની સ્થાપના કરી મેં એક ઋષિકાર્ય કર્યું છે.'




ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદના આશ્રમ રોડ પર આવેલી છે. અહીં ગાંધી સ્મારક રૂપે પ્રાણ જીવન વિદ્યાલય આવેલું છે. તેની વિશેષતા એ છે કે તેનું ચણતર ચરખા દોરેલી ઇંટ પર થયું છે. અહીં ગાંધીજીનો મૌનરૂમ પણ છે જેમાં ગાંધીજી એક મહિના સુધી મૌન રહ્યા હતા. વિદ્યાપીઠમાં ગાંધી દર્શન વિભાગ પણ છે. અહીં ગાંધીજીની ઘણી યાદ છે. અહીં ગાંધીજીનો જમનાલાલ બજાજ સાથે ફોટો પણ છે. જમનાલાલ બજાજ ગાંધીજીનો પાંચમો દીકરો કહેવાયા છે. મહાનુભાવોના મતે, ગાંધીજી આફ્રિકાથી ભારત પાછા ફર્યાં તે પહેલાં જ જમનાલાલના મનમાં એમના પ્રત્યે આદરભાવ પેદા થઈ ચૂક્યો હતો. બાપુએ સ્વદેશાગમન કર્યાં બાદ કોચરબ આશ્રમમાં નિવાસ કર્યો એ અરસામાં જમનાલાલ એમના નિકટના પરિચયમાં આવ્યા. એક દિવસ જમનાલાલે માગણી કરીઃ બાપુ, મને તમારા પાંચમા પુત્ર તરીકે સ્વીકારો! બાપુએ ઉલટભેર એમના પ્રેમભાવનો સ્વીકાર કર્યો.

'સા વિદ્યા યા વિમુક્તયે' એ ગૂજરાત વિદ્યાપીઠનું સૂત્ર છે. જે આ મુક્તિ મેળવી શકે તેને જ પેલી મુક્તિ મળી શકે. મુક્તિના પ્રાકૃત અને ખરેખરા બંને અર્થમાં મુક્તિ એ જ આપણો આદર્શ છે. ગાંધીજી માનતા હતા કે, મનુષ્ય જેટલું સરળતામાં જીવે છે, બીજા લોકોને પણ ફાયદો થશે. માણસે જરૂરિયાત મુજબ વસ્તુઓનો ઉપયોગ કરવો જોઈએ અને ગુજરાત વિદ્યાપીઠ હજી પણ આ સિદ્ધાંત પર આધારીત છે. આજે દેશ-વિદેશના વિદ્યાર્થીઓ પણ ગૂજરાત વિદ્યાપીઠમાં આવે છે, આજે પણ તેમને ગાંધીજી વિચારો શીખવવામાં આવે છે. આજે પણ વિદ્યાર્થીઓ ખાદીના વસ્ત્રો પહેરે છે. વિદ્યાપીઠ આજે તકનીકીના આ યુગમાં પણ તેના વિવિધ પ્રકારનાં અભ્યાસ, અભ્યાસક્રમ, ઉદ્યોગ (કૌશલ્ય આધારિત શિક્ષણ પ્રણાલી) અને આત્મનિર્ભર જીવનશૈલી માટે જાણીતી છે.

(Sources & Photo Courtesy : www.gujaratvidyapith.org, https://gujarati.news18.com, https://rakhdeteraja.com)